# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-09-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## PM-જન્મ દિવસ:

રાજ્યમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ 17 સપ્ટેમ્બરથી “સ્વસ્થ નારી, સશક્ત પરિવાર” અભિયાનનો પ્રારંભ થશે. આગામી બીજી ઑક્ટોબર સુધી યોજાનારા રાજ્યવ્યાપી અભિયાનનો પ્રારંભરાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી થશે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે માહિતી આપતાં કહ્યું,અભિયાન અંતર્ગત રાજ્યમાં અંદાજે કુલ એક લાખ 41 હજારથી વધુ આરોગ્ય શિબિર યોજાશે. જેમાંદસ હજાર 849 વિશેષ શિબિર અને એક લાખ 30 હજારથીવધુ તપાસ શિબિર દ્વારા લોકોને નિ:શુલ્ક આરોગ્ય સેવાનો લાભ અપાશે.

---------------------------------------------------------------------------------------------

## GST સેવા કર:

રાજ્યમાં વસ્તુ અને સેવા કર – GST પંચની રચના થઈ ગઈ છે. આ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, આ માટેની તમામ વ્યવસ્થા પૂર્ણ કરવામાં આવી રહી છે. જોકે, હજી બે મહિનામાં તમામ કામ પૂર્ણ કરાશે. GST પંચની કચેરી કાર્યરત્ થતાં કરદાતાઓએ હવે વડી અદાલતમાં નહીં જવું પડે.

---------------------------------------------------------------------------------------------

## ગુજરાત નગરપાલિકા અધિનિયમ:

ગુજરાત નગરપાલિકા અધિનિયમ હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે હુકમ કરીને નખત્રાણા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો અગાઉનો પ્રાથમિક આદેશ રદ કર્યો હતો તેમજ કચ્છની નખત્રાણા નગરપાલિકામાં વિરાણી મોટી, વિરાણી નાની અને સુખપર વિરાણી ગ્રામ પંચાયતનો સામાવેશ કરાયો છે.નખત્રાણા નગરપાલિકા વોર્ડોની સંખ્યા અને બેઠકો નક્કી કરવા માટેની નવેસરથી કાર્યવાહી કરવામાં આવશે તેવું રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના સચિવ આર.જી. ગોહિલના હુકમમાં જણાવાયું હોવાનું યાદીમાં જણાવાયું છે.

---

## મોટો યક્ષ મેળો પુર્ણ:

મિની તરણેતરના નામથી ઓળખાતા મોટા યક્ષના ભાતિગળ મેળામાં ત્રણ દિવસ સહેલાણીઓનું ઘોડાપૂર ઊમટયું હતું. ત્રણ દિવસમાં ત્રણ લાખથી વધુ લોકોએ મેળો માણ્યો હતો. ગઈકાલે મેળાના અંતિમ દિવસે સવારથી લઈને મોડી રાત્રી સુધી મેળામાં સારી એવી ભીડ જોવા મેળી હતી. શાંતિપૂર્ણ મેળો સંપન્ન થતાં મેળા સમિતિ અને ભૂવા પરિવારે પોલીસ વિભાગ, વહીવટી તંત્ર અને મેળામાં સહયોગ આપનાર સૌનો આભાર માન્યો હતો.

---

## રક્તદાન શિબિર કર્મચારી :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 75મા જન્મદિન અને ઓપરેશન સિંદૂરની સફળતાને સેવાકાર્ય સાથે ઉજવવા રાજ્યના કર્મચારી મંડળોએ નિર્ણય કર્યો છે. જેના અનુસંધાને  આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિન પૂર્વે સવારે 8 થી સાંજે 4 કલાક સુધી સમગ્ર રાજયમાં 300 કરતાં વધુ સ્થળોએ રાજ્યના તમામ કર્મચારીઓ દ્વારા મહારક્તદાન શિબિરનું આયોજન કરાયું છે. એક લાખ જેટલા કર્મીઓ રક્તદાન કરી વિશ્વ વિક્રમ નોંધાવશે. રાજ્યના પ્રાથમિક શિક્ષકો પણ આ

શિબિરમાં જોડાશે. જિલ્લામાં તમામ 10 તાલુકા મથકોએ મહારક્તદાન શિબિરનું આયોજન કરાયું છે.

------------------------------------------------------------------------------------------

## યુવા મહોત્સવ:

આગામી 17 અને 18 સપ્ટેમ્બરના કચ્છ યુનિવર્સિટી ખાતે 20માં યુવા મહોત્સવ 'કલાકૃતિ 2025'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યુવા મહોત્સવમાં વિવિધ સ્પર્ધાઓમાં યુવાઓ પોતાની પ્રતિભા રજૂ કરશે. જેમાં કચ્છ યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક ભવનો અને કોલેજોની 45 ટીમોમાંથી 1100 જેટલા સ્પર્ધકો ભાગ  લેશે.

આવીતીકાલે રાત્રે 8 કલાકે કચ્છના યુવા કલાકારો દ્વારા બોલિવુડ એન્ડ ફોક ફ્યુઝન કાર્યક્રમનું આયોજન કરાયું છે. વિશેષમાં ફૂડ ફેસ્ટીવલનું આયોજન કરાયું છે.

------------------------------------------------------------------------------------------

## નવરાત્રિ આરંભ:

આગામી તારીખ 22 સપ્ટેમ્બરથી આશ્વીન નવરાત્રીનો પ્રારંભ થઇ રહ્યો છે. નખત્રાણા તાલુકાનામંજલથી માતાના મઢ સુધી સંપૂર્ણ સુવિધાયુક્ત 25 જેટલા મોટા તથા 100 જેટલા નાના કેમ્પોધમધમી ઉઠશે. કેમ્પનોની તૈયારી સ્વરૂપે મંડપઅને ડોમ બંધાઇ ગયા છે. આ સેવા કેમ્પોમાં ચા,પાણી નાસ્તો, ભોજન વ્યવસ્થા, આરામ અને મેડિકલ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

------------------------------------------------------------------------------------------

## ફટાકડા પરવાના:

આગામી દિવાળી પર્વ  દરમ્યાન ભુજ શહેર તાલુકામાં એક્સપ્લોઝીવ રૂલ્સની જોગવાઈઓ મુજબ ફટાકડા વેચાણ માટે હંગામી પરવાના આપવાના રહે છે. આ માટે જેઓ ભુજ શહેર તાલુકા હેઠળ આવતાં વિસ્તારમાં હંગામી પરવાના મેળવવા ઇચ્છતા હોય તેઓએ

મામલતદાર કચેરી, ભુજ(શહેર)ખાતેથી નિયત અરજી ફોર્મ મેળવી અરજી મામલતદાર કચેરી ભુજ(શહેર) ખાતે આગામી તા.૨૬ સપ્ટેમ્બ ૨૦૨૫ સુધીમાં કચેરી સમય દરમ્યાન જમા કરાવવાની રહેશે. તેવુ કલેક્ટર-કચ્છની એક યાદીમાં જણાવાયુ છે.

-----------------------------------------------------------------------------------------------------